| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૬/૦૩/૨૬ | | |
| નોંધણી તારીખ | ૦૬/૦૩/૨૬ | | |
| નિકાલ તારીખ | ૧૭/૦૩/૨૬ | | |
| અવધિ | વર્ષ | મ | દી |
| | ૦ | ૦ | ૧૧ |

# ખેડા જીલ્લાના મહે. પ્રિન્સીપાલ સેશન્સ જજ સાહેબ સમક્ષ, મું. નડીઆદ.

ફોજદારી પરચુરણ અરજી નં. ૨૭૫/૨૦૨૬
આંક :

**અરજદાર :-** વિજયભાઈ દિપાભાઈ નાનીયાભાઈ પલાસ
રહે. બામણીયા ફળીયુ, આમલીખજુરીઆ ગામ, તા. ગરબાડા, જી.દાહોદ.

**વિરૂઘ્ઘ**

**સામાવાળા :-** સરકારશ્રી

**ભારતીય નાગરીક સુરક્ષા સહીતા કલમ-૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા માટેની અરજી.**

**(જુના કાયદા ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ-૪૩૯ મુજબ)**

અરજદાર તરફે વિ. પ્રોક્સી વ. શ્રી વી.એન.પઠાણ

સામાવાળા તરફે વિ. પી.પી.શ્રી ડી.આર.બારોટ

**-:: ચુ કા દો ::-**

(૧) અરજદાર/આરોપીએ ચકલાસી પો.સ્ટે. ફ. ગુ. રજી. નં. ૧૧૨૦૪૦૧૭૨૨૦૨૧૭/૨૦૨૨ ઈ.પી.કોડ કલમ- ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા અંગે અરજદાર/ આરોપીઓએ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા હાલની આ અરજી ભારતીય નાગરીક સુરક્ષા સહીતા કલમ-૪૮૩ અન્વયે દાખલ કરેલ છે.

(૨) સદર અરજી અત્રેની કોર્ટમાં દાખલ થતા રજીસ્ટરે લઈ સામાવાળા શ્રી સરકારને નોટીસ કરવામાં આવેલ. જે અનુસંધાને શ્રી સરકાર તરફે વિ.પી.પી.શ્રી ડી.આર.બારોટ હાજર થયેલ છે તેમજ પોલીસ પેપર્સ વંચાણ માટે રજુ રાખેલ છે.

(૩) અરજદાર તરફે વિધ્વાન પ્રોકસી ધારાશાસ્ત્રીશ્રી વી.એન.પઠાણે દલીલ કરી જણાવેલ છે કે, અરજદાર નિર્દોષ છે, કહેવાતો કોઈ ગુનો કરેલ નથી. વધુમાં હાલના અરજદારને ટ્રાન્સફર વોરંટના આધારે અટક કરવામાં આવેલા છે. વધુમાં હાલના અરજદાર પાસેથી કોઈ ચોરીમાં ગયેલ કોઈ મુદામાલ કબજે કરવામાં આવેલ નથી. વધુમાં આ કામના અરજદાર સામે તપાસ પુર્ણ થઈ ગયેલ છે અને ટ્રાયલ અદાલતમાં ચાર્જશીટ રજુ થઈ ગયેલ છે. વધુમાં આ કામના સહ આરોપીઓને અગાઉ નડીઆદ સેશન્સ અદાલતે ફો.પ.અ. નં. ૧૧૦૪/૨૦૨૫ થી શરતોને આધીન જામીન મુકત કરેલ છે જે ધ્યાને લઈ હાલના અરજદારને પેરીટીનો લાભ આપવા અરજ કરેલ

છે. વધુમાં હાલના અરજદારની ટ્રાયલ દરમ્યાન હાજરી આસાનીથી મળી શકે તેમ છે. અરજદાર કયાય નાસી ભાગી જાય તેમ નથી. વધુમાં અરજદારોની ટ્રાયલ દરમ્યાન હાજરી મળી શકે તેમ છે,વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદા ધ્યાને લઈ અરજદારને પ્રિ–ટ્રાયલ કન્વીકશનનો ભોગ બનવુ ન પડે તેમજ ટ્રાયલ દરમ્યાન અરજદારની હાજરી આસાનીથી ઉપલબ્ધ થઈ શકે તેમ હોય અરજદારને યોગ્ય રકમના જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

(૪) જયારે સામાવાળા સરકારશ્રી તરફે વિ.પી.પી.શ્રી ડી.આર.બારોટે જામીન અરજીનો ભારપુર્વક વિરોધ કરતા જણાવેલ છે કે, હાલના અરજદારનો રોલ ધ્યાને લેતા અમર મારુતિ કારના શો રૂમમાંથી કુલ રૂા. ૫,૪૨,૬૬૯/– ની મતાની ચોરી કર્યાનો આક્ષેપ છે. વધુમાં હાલના અરજદાર આવા ગુનાઓ કરવાની ટેવવાળા છે. અરજદાર સામે અગાઉ કુલ છ ગુનાઓ નોંધાયેલા છે. જો અરજદારને જામીન મુકત કરવામાં આવે તો ફરી પાછા આવા ગુનાઓમાં સંડોવાય તેવી શકયતા નકારી શકાય તેમ ન હોઈ તેમજ હજુ હાલના ગુનાના કામે અન્ય આરોપીને પકડવાના બાકી હોઈ અરજદારની પ્રથમદર્શનીય સંડોવણી હોઈ જામીન મુકત નહી કરવા અરજ કરેલ છે.

(૫) હાલના કામે ફરીયાદપક્ષના કેસની હકીકત જોઈએ તો ચાર આરોપીઓ ભેગા મળી ઉતરસંડા નડીઆદ રોડ ઉપર આવેલ અમર કા મારુતિ શો

રૂમમાં ચોરી કરવા આવેલા અને શોરૂમના પાછળના ભાગેથી બારીમાં થી શો રૂમમાં પ્રવેશ કરેલ અને આરોપી વિકાસભાઈ સ.ઓ. દલસીંગ ભાઈ શો રૂમના પાછળના ભાગે વોચમાં ઉભો રહેલો અને અન્ય આરોપીઓએ વર્કશોપ કેશીયર રૂમ તથા એકા ઉન્ટ ઓફીસ તથા ડીરેકટર ઓફીસ વિગેરે ઓફીસના ડ્રોઅરો તોડી વર્કશોપ કેશીયર રૂમમાં આવેલ લોકર જેમાં રૂા. ૫,૪૨,૬૬૯/– મુકેલ તે લોકર સહીતની ચોરી કરી લઈ ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરેલ હોવા મતલબની ફરીયાદ નોંધવામાં આવેલી અને તે અન્વયે તે ચકલાસી પો.સ્ટે. ફ. ગુ. રજી. નં. ૧૧૨૦૪૦૧૭૨૨૦૨૧૭/૨૦૨૨ ઈ.પી.કોડ કલમ– ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબનો ગુનો નોંધાયેલો.

હાલના કામે તપાસના કામે તપાસ કરનાર અમલદારનું સોગંદનામુ તથા તપાસના કાગળો ધ્યાને લેતાં અરજદારનો રોલ ધ્યાને લેતા સહ આરોપીઓ સાથે મળી ચોરી કર્યાનો આક્ષેપ છે.વધુમાં હાલના અરજદારોને ટ્રાન્સફર વોરંટથી અટક કરવામાં આવેલા છે. વધુમાં હાલના અરજદારો પાસેથી ચોરીમાં ગયેલ મુદામાલ રકમ રીકવર કરવામાં આવેલ નથી. વધુમાં હાલના અરજદાર પુરતી તપાસ પુર્ણ થઈ ગયેલ છે અને ચાર્જશીટ રજુ થઈ ગયેલ છે. વધુમાં તપાસ કરનાર અમલદારના સોગંદનામા મુજબ અરજદાર સામે અગાઉ કુલ છ ગુના નોંધાયેલા છે પરંતુ તેમાંથી બે ગુનાના કામે કસ્ટડીમાં છે અને અન્ય ગુનાના કામે જામીન મુકત છે અને કોઈ ગુનાના

કામે સજા થયેલી હોઈ તેવી કોઈ હકીકત ફલીત થતી નથી. વધુમાં આ કામના સહ આરોપીને અગાઉ નડીઆદ સેશન્સ અદાલતે ફો.પ.અ. નં. ૧૧૦૪/૨૦૨૫ થી શરતોને આધીન જામીન મુકત કરવામાં આવેલ હોતા હાલના અરજદારને પેરીટીનો લાભ મળવાપાત્ર છે. વધુમાં અરજદારની ટ્રાયલ દરમ્યાન હાજરી આસાનીથી મળી રહે તેમ છે. અરજદારો કયાય નાસી ભાગી જાય તેમ નથી. આમ અરજદાર વિરુધ્ધ પુરાવાનો પ્રકાર, અરજદારની વર્તણુક, આક્ષેપો, ગુનાની સજાની જોગવાઈ વિગેરે હકીકતો ઘ્યાને લેતા અરજદાર/આરોપીની તરફેણમા ભારતીય નાગરીક સુરક્ષા સહીતા કલમ–૪૮૩ અન્વયેની વિવેકાધીન સતાનો ઉપયોગ કરવો યોગ્ય, વ્યાજબી અને ન્યાયી જણાતુ હોય અરજદારની જામીન અરજી મંજુર કરવા પાત્ર ઠરતી હોય ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## :આ ખ રી હુ ક મ :

(૧) આરોપી/અરજદાર વિજયભાઈ દિપાભાઈ નાનીયાભાઈ પલાસનાઓને ચકલાસી પો.સ્ટે. ફ. ગુ. રજી. નં. ૧૧૨૦૪૦૧૭૨૨૦૨૧૭/૨૦૨૨ ઈ.પી.કોડ કલમ– ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા અન્વયે ભારતીય નાગરીક સુરક્ષા સહીતા કલમ– ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન

ઉપર મુકત થવા અંગેની સદર ક્રિમીનલ પરચુરણ અરજી નં. ૨૭૫/૨૦૨૬ આથી મંજુર કરવામાં આવે છે.

(૨) અરજદાર/આરોપીને રુા.૧૫,૦૦૦/- (અંકે રુપીયા પંદર હજાર પુરા) ના સધ્ધર જામીન તેમજ તેટલી જ રકમના જાત મુચરકા આપ્યેથી ચકલાસી પો.સ્ટે. ફ. ગુ. રજી. નં. ૧૧૨૦૪૦૧૭૨૨૦૨૧૭/૨૦૨૨ ઈ.પી.કોડ કલમ- ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાં નીચેની શરતોને આધીન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

<u>શરતો</u>:-

એ. અરજદાર/આરોપીએ કોર્ટની પરવાનગી વગર ગુજરાત રાજયની હદ્દ છોડી બહાર જવુ નહી.

બી. અરજદાર/આરોપીએ કેસની ટ્રાયલ દરમ્યાન નામદાર કોર્ટ સમક્ષ નિયમીતપણે હાજર થવાનુ રહેશે.

સી. અરજદાર/આરોપીએ ફરીયાદપક્ષના સાક્ષી પુરાવા સાથે કોઈ પણ રીતે ચેડાં કરવા નહી કે સાહેદોને લોભ લાલચ કે ધાક ધમકી આપવી નહી કે સુલેહ શાંતિનો ભંગ થાય તેવુ કોઈ કૃત્ય કરવુ નહી કે કોઈપણ જાતની ગુન્હાહીત પ્રવૃત્તિ કરવી નહી.

ડી. અરજદાર/આરોપીએ જામીન ઉપર મુકત થતી વખતે પોતાના કાયમી રહેણાંકનુ સરનામુ તેમજ પોતાનો મોબાઈલ નંબર સંબંધીત ટ્રાયલ કોર્ટ

તેમજ સંબંધિત પોલીસ સ્ટેશનમાં આધાર પુરાવા સાથે રજુ કરવાના રહેશે અને તેમાં આ અદાલતની પુર્વ પરવાનગી વગર ફેરફાર કરવો નહી.

ઈ. અરજદાર/આરોપીએ ત્રણ મહીના સુધી દર મહીનાના પહેલા સોમવારે સવારે ૧૦/૦૦ થી ૧૩/૦૦ દરમ્યાન સંબંધકર્તા પો.સ્ટે.માં હાજરી પુરાવવી.

એફ. અરજદાર દ્વારા કોઈપણ શરતનો ભંગ કર્યેથી અરજદારના જામીન આપો આપ રદ્દબાતલ થયેલ ગણાશે.

(૩) અરજદાર/આરોપીએ જામીન સંબંધીત કોર્ટમાં આપવા.

(૪) આ હુકમની જાણ સંબંધીત કોર્ટ તથા પોલીસ સ્ટેશનને કરવી.

હુકમ આજ તા. ૧૭મી, માહે : માર્ચ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૭/૦૩/૨૦૨૬

**(નિલેશ અરુણકાંત અંજારીઆ)**
પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ
ખેડા એટ નડીઆદ.
**(જી જે–૦૦૪૬૨)**